નિયમો, માર્ગદર્શન અને વારંવારના અભ્યાસનાં અંતે વાંચવા લાયક સુંદર અક્ષર બનાવવા એટલે "ખરાબ અક્ષરોનું સુધારણા કાર્ય."

- **સમસ્યા ક્ષેત્ર :** સંશોધન એ વિશાળ ક્ષેત્ર ધરાવતું પરિબળ છે. પરંતુ વિષય **"ખરાબ અક્ષર સુધારણા"** જોતાં શાળા જ એવું ક્ષેત્ર છે. જયાં ચોકકસ પધ્ધતિ-નિયમો અને તાલીમ હેઠળ ખરાબ અક્ષરો ધરાવતાં કુલ ૩૦ વિદ્યાર્થીઓ પસંદ કરી નારાયણ વિદ્યાલય, ભરૂચમાં આ સંશોધન હાથ ધરવામાં આવ્યું.
- **સંશોધનના હેતુ :** ખરાબ અક્ષરોનું સુધારણા સંશોધનનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ સ્વચ્છ-સુઘડ-સ્પષ્ટ-સુંદર અને વાંચન યોગ્ય લખાણ લખવાની આદત વિકસાવી વિદ્યાર્થીઓમાં લેખન પ્રત્યે આત્મવિશ્વાસ અને રસ જાગૃત કરી સુંદર લખાણ કરી શકે જે ભવિષ્યમાં વિદ્યાર્થીઓને વ્યાવસાયિક તેમજ વ્યાવહારિક જીવનમાં ઉપયોગી બની રહે.
- **સંશોધનનાં કારણો :** ખરાબ અક્ષર થવાના કારણોમાં રોજ લખવાની આદત ન હોવી. ઉતાવળમાં લખવું. પેન પકડવાની રીત ખોટી, લખાણ સમયે હાથ, આંખ, મનનું સંકલન ન હોવું. બેઠકની રીત પણ ખોટી હોય, યોગ્ય માર્ગદર્શન નો અભાવ હોય અને લખાણમાં નિરસતા પણ ખરાબ અક્ષરોનુંકારણ બની શકે છે.
- **માહિતી :** ધો. ૬ થી ૮ માં ફકરા લેખન દરમ્યાન તપાસ કરતાં ઘણા વિદ્યાર્થીઓનાં લખાણ કઢંગા, અસ્પષ્ટ અને વાંચી ન શકાય એવા ગરબડીયા અને ખરાબ અક્ષરોમાં જોવા મળતાં, નિરીક્ષણ કરતાં વિદ્યાર્થીઓની લખવાની રીત-બેસવાની રીત-ઉતાવળ, અધિરાઇ, જેમતેમ લખાણ પૂર્ણ કરવાની તીવ્રતા જેવી નબળાઇઓ જોવાં મળી. આ મહિતી અક્ષર સુધારણા માટે પૂરક બની રહી હતી.
- **ઉત્કલ્પનાઓ :** - જો ધ્યાન વડે મન અને આંખની સંકલન શક્તિ વિકસાવવામાં આવશે તો લખાણ માટે સ્થિરતા વધશે.

- જો વિદ્યાર્થીઓને વિવિધ કેલીગ્રાફી-સ્વર-વ્યંજન-સાદા-અઘરા શબ્દો-નાના વાકયોના વારંવાર લેખન અભ્યાસ કરશે તો એક સરખી લાઇનમાં લખવા ટેવાશે.
- જો ટૂંકા ફકરાઓ અને લાંબા ફકરા ધીરજ ખંત અને સ્થિરતાથી લખશે તો એમની સારા લેખન માટેની રસવૃત્તિ વધશે અને લેખનમાં અપ્રતિમ સુધારો જોવા મળશે.

- **સંશોધન પધ્ધતિઓ :** સારા અક્ષરો એટલે માત્ર સુંદરતા માટે નહીં પરંતુ આત્મવિશ્વાસ –સફળતા અને શ્રેષ્ઠતાની ઉંચાઇઓ પ્રાપ્ત કરવા અર્થે પણ એટલા જ જરૂરી છે. એટલે જ ખરાબ અક્ષરો સુધારણાના ક્રિયાત્મક સંશોધન અર્થે ચોકકસ સંશોધન પધ્ધતિઓ નિયમ હેઠળ પ્રયોગાત્મક રીતે હાથ ધરવામાં આવી જેથી વિદ્યાર્થીઓના લેખન કૌશલ્યમાં આશ્ચર્યજનક સુધારો લાવી શકાય.

૧. **અવલોકન પધ્ધતિ :** ધ્યાન વડે અને આંગળીઓના સુક્ષ્મ વ્યાયામથી સ્થિરતા મળતા મન-આંખ-આંગળીનું સંકલન થવું.

૨. **નિદર્શન પધ્ધતિ :** પેન પકડવાની રીત અને યોગ્ય બેઠકવ્યવસ્થા પ્રેકટીકલ રીતે બતાવતાં કેલીગ્રાફી કરાવવી.

૩. **સર્વેક્ષણ પધ્ધતિ :** સ્વર - વ્યંજન - સાદા - અઘરા શબ્દો વચ્ચે નાના ટૂંકા વાકયો વચ્ચેનાં અંતર, કદ, દેખાવ ધ્યાનમાં રાખીને સુઘડતાથી પુનરાવર્તન લેખન કરાવ્યું.

૪. **સંવાદ પધ્ધતિ :** ચર્ચા અને સંવાદ વડે ટૂંકા ફકરા લખવા સંપૂર્ણ સંકલન સહિત લેખન સીધી લીટીમાં રહે એ માર્ગદર્શન સહિત લેખન કરાવ્યું.

૫. **વિશ્લેષણ પધ્ધતિ :** પ્રથમ કસોટી અને અંતિમ કસોટીનાં લખાણમાં તફાવત સમજાવી સુધારા ધ્યાને લઇ લેખન સુધારા કરાવ્યા.

૬. **મૂલ્યાંકન પધ્ધતિ અને પ્રતિસાદ :** મૂલ્યાંકન વડે શ્રેષ્ઠ લેખન કરાવી સારા અક્ષરની જરૂરીયાત સમજાવી શ્રેષ્ઠ લેખન માટે બક્ષીસ અને શુભેચ્છા પાઠવી.

૭. **સમયપાલન :**સંશોધનકાર્ય માટે રોજના બે તાસ લઇને કુલ  દિવસમાં સંશોધનનું પ્રાયોગિકકાર્ય પૂર્ણ થયું.

- **પૃથક્કરણ :** સારા લેખનકૌશલ્યનાં વિકાસઅર્થે સંશોધનની વિવિધ પધ્ધતિઓના માર્ગદર્શન અને વારંવારનાં લેખન અભ્યાસથી વિદ્યાર્થીઓનાં લેખન કૌશલ્યમાં આશ્ચર્યજનક સુધારો જોવાં મળ્યો.
- **તારણ પરિણામ :** વિદ્યાર્થીઓમાં લેખન માટે આત્મવિશ્વાસમાં વધારો થવાથી લેખન કૌશલ્યમાં ફેરફાર જોવાં મળ્યો જેથી લખાણમાં સુદરતા, સુઘડતા અને સ્વચ્છતા જોવાં મળતાં શિક્ષક અને વાલીશ્રીનાં મંતવ્યો સુધર્યા. ખરાબ અક્ષરો ધરાવતા વિદ્યાર્થીઓમાંથી પાંચ શ્રેષ્ઠત્તમ સુધારો લાવી શકયા, વિદ્યાર્થીઓમાં મહત્તમ સુધારો જોવા મળ્યો - પાંચ વિદ્યાર્થીઓને વધુ લેખન અભ્યાસ કરાવ્યો.
- **ભવિષ્યનાં સુચનો :** આ રીતે અંગ્રેજી તેમજ હિન્દી ભાષા માટે ક્રિયાત્મક સંશોધન હાથ ધરી શકાય.